

# 20 જીવન-પરિચય

**હેમુ ગઢવી**




હેમુ ગઢવીનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ઢાંકણિયા ગામે 4 સપ્ટેમ્બર, 1929ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ નાનભા અને માતાનું બાલુબા હતું. તેઓએ ઝવેરચંદ મેઘાણી અને દુલા કાગના સાહિત્યનો અભ્યાસ કરી લોકસંગીતને પ્રચલિત કર્યું અને ગુજરાતના ઘર-ઘર સુધી પહોંચાડ્યું હતું. આ ઉપરાંત એચ.એમ.વી. એ શિવાજીનું હાલરડું, અમે મહિયારાં રે અને મોરબીની વાણી જેવી રેકૉર્ડ બહાર પાડી હતી. ગુજરાત સરકારનો શ્રેષ્ઠ ગાયકનો પુરસ્કાર તેમને પ્રાપ્ત થયો હતો. આજે પણ રાજકોટમાં આવેલા હેમુ ગઢવી હૉલ એમની યાદ અપાવે છે. આવા મહાન લોકગીત ગાયકનું અવસાન 36 વર્ષની યુવાન વયે 20 ઑગસ્ટ, 1965ના રોજ પડધરી ખાતે અકસ્મિક રીતે થયું હતું. ગુજરાતના લોકસંગીતનું નાક, અષાઢી ગાયક, મોરલા જેવાં જુદાં-જુદાં ઉપનામે જાણીતા થયેલા. હેમુ ગઢવીએ ખરા અર્થમાં ગુજરાતી સંસ્કૃતિની સેવા કરવામાં જરાય કચાશ ન છોડી.

**ભજનસમ્રાટ શ્રી નારાયણ સ્વામી**



શ્રી નારાયણ સ્વામીનો જન્મ તા. 29/6/1938ના દિવસે સૌરાષ્ટ્રના ઢસા તાલુકાના દેરડી ગામે થયો હતો. તેમણે ઘણાં પદોનું ગાન કર્યું છે. જેમાં 'બમ બમ લેહરી', 'કૈલાસ કે નિવાસી, માનવ નડે છે માનવીને' ખૂબ પ્રચલિત છે. તેઓ ઘણો સમય એક ટંક ભોજન લેતા હતા જે મઢડાના સોનબાઈએ એમને સમ આપી છોડાવેલ. હરિદ્વારના સંતશ્રી ઈશ્વર ભારતીજીએ તેમને સંન્યાસ લેવડાવી ભગવાં ધારણ કરાવ્યાં. એમણે ટીવી, રેડિયો પર અને દેશ-વિદેશોમાં અનેક કાર્યક્રમો આપ્યા છે. તેઓ 16/9/2000ને રવિવારે બ્રહ્મલીન (અવસાન) થયા.

**ભીખુદાન ગઢવી**



ભીખુદાન ગઢવીનો જન્મ 19 સપ્ટેમ્બર, 1948ના રોજ પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના ખીજદળ ગામે થયો હતો. હાલ તેઓ જૂનાગઢ રહે છે. તેઓ લોકસાહિત્યકાર, ભજનિક છે અને લોકગીત તથા લોકડાયરા માટે જાણીતા છે. તેમણે તેમના ગાયનની શરૂઆત 15 થી 16 વર્ષની ઉંમરે કરી. તેમણે ઝવેરચંદ મેઘાણી અને દુલાભાયા કાગના જીવનમાંથી પ્રેરણા લઈને લેખન પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

તેમણે દેશ-વિદેશમાં અનેક કાર્યક્રમો આપ્યા છે. ''ભાડાનું મકાન'' અને ''ખાનદાનીનું ખમીર'' તેમના પ્રખ્યાત આલ્બમ છે.

તેમને રાજ્ય સરકાર તરફથી ''ગુજરાત ગૌરવ ઍવૉર્ડ'' અને ભારત સરકાર તરફથી ''પદ્મશ્રી ઍવૉર્ડ'' પ્રાપ્ત થયેલ છે. મધ્યપ્રદેશ સરકાર દ્વારા ''રાષ્ટ્રીય તુલસી સન્માન'' 2017 માં મળેલ છે. જે છેલ્લા 35 વર્ષમાં કોઈ પણ ગુજરાતી કલાકારને મળેલ નથી.

**હેમંત ચૌહાણ**

શ્રી હેમંત ચૌહાણ ગુજરાતના ખ્યાતનામ ભજનિક અને ઉચ્ચ કોટિના લોકગાયક છે. તેમણે ગુજરાતી ભજન, સંતવાણીનાં અનેક ભજનોને પોતાનો સ્વર આપ્યો છે. ''પંખીડાં... ઓ પંખીડાં...'' કે હળવી વાણીનો ''તું રંગાઈ જા ને રંગમાં....'', ''હે માનવ વિશ્વાસ કરી લે....'' વગેરે તેમની અત્યંત લોકપ્રિય રચનાઓ છે. હિન્દી ભજનોમાં 'કહત કબીર ભાગ-1-2' અને 'પ્રદીપભજન' પણ ખૂબ જ જાણીતાં બન્યાં છે. હાર્મોનિયમ, એકતારો, તાનપુરો વગેરે તેઓ ખૂબ જ સરળતાથી વગાડી જાણે છે.



હેમંત ચૌહાણનો જન્મ 7મી નવેમ્બર, 1955ના રોજ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના કુંદણી ગામે થયો હતો. ચાર વર્ષની ઉંમરે જ્યારે એકડો લખતાં આવડતો ન હતો ત્યારે સંગીત શીખવાની શરૂઆત કરી. તેમણે કસ્તુરબા આશ્રમમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું અને તે સમય દરમિયાન રોજની પ્રાર્થનાસભામાં પ્રાર્થના અને ભજનો ગાતા હતા. રાજકોટ આકાશવાણીમાં તેમને પ્રથમ તક મળી ત્યારે દાસી જીવણનું 'પ્યાલો મેં પીધેલો છે ભરપૂર' ભજન ગાયું હતું. તેમને સંગીતનાટ્ય અકદામી દિલ્હીનો ''અકાદમી રત્ન'' ઍવૉર્ડ પ્રાપ્ત થયો હતો.

**સ્વાધ્યાય**

**1. નીચે આપેલા પ્રશ્નોનોના સાચા વિકલ્પ પરના કૌંસ પર '✓' નિશાની કરો :**

(1) કયા કલાકારની યાદમાં રાજકોટમાં હોલ બનાવાયો છે ?

(A) ભીખુદાન ગઢવી (B) હેમંત ચૌહાણ (C) નારાયણ સ્વામી (D) હેમુ ગઢવી

(2) હેમુ ગઢવીએ કયા કવિના સાહિત્યનો અભ્યાસ કર્યો હતો ?

(A) પ્રેમચંદ (B) તુષાર શુક્લ (C) સ્નેહરશ્મિ (D) દુલાકાગ

(3) ભજનસમ્રાટ શ્રી નારાયણ સ્વામીનું કયું પદ પ્રચલિત છે ?

(A) 'શિવ લહેરી' (B) 'તું રંગાઇ જાને' (C) 'ગામડું મુજને' (D) 'માંની ચૂંદડી'

(4) પદ્મશ્રીનો એવોર્ડ કયા કલાકારને મળ્યો છે ?

(A) હેમુ ગઢવી (B) નારાયણ સ્વામી (C) હેમંત ચૌહાણ (D) ભીખુદાન ગઢવી

(5) ભીખુદાન ગઢવીનો કયો આલ્બમ પ્રખ્યાત છે ?

(A) ભાડાનું મકાન (B) પંખીડાને આ પીંજરું (C) સૂરમંદિર (D) ઓ કાન્હા

(6) ભીખુદાન ગઢવીને ગુજરાત રાજ્ય તરફથી કયો ઍવૉર્ડ મળ્યો હતો ?

(A) ગુજરાત ગૌરવ ઍવૉર્ડ (B) એકૅડેમી પુરસ્કાર (C) દુલાભાયા કાગ (D) જીવરાજ મહેતા ઍવૉર્ડ

(7) હેમંત ચૌહાણનું પ્રચલિત પદ કયું છે ?

(A) 'શિવ લહેરી' (B) 'તું રંગાઇ જાને' (C) 'ગામડું મુજને' (D) 'માંની ચૂંદડી'

(8) હેમંત ચૌહાણને સંગતી નાટ્ય અકાદમી, દિલ્લી દ્વારા કયો ઍવૉર્ડ પ્રાપ્ત થયો હતો ?

(A) અકાદમીરત્ન (B) ગુજરાત ગૌરવ ઍવૉર્ડ (C) જીવરાજ મહેતા ઍવૉર્ડ (D) દુલાભાયા કાગ

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) 'અષાઢી ગાયક' ઉપનામે ...... જાણીતા થયેલા.

(2) 'કૈલાસ કે નિવાસી' એ ...... નું પ્રખ્યાત ભજન છે.

(3) હેમંત ચૌહાણ દ્વારા રાજકોટ આકાશવાણીમાં ...... ભજન પ્રથમ વખત રજૂ થયું હતું.

●

**વાર્તા : માછીમારનો સંગીતપ્રેમ**

માછીમાર ખૂબ સારો સંગીતકાર હતો. વાંસળી તે ફાંકડી વગાડતો. તેની વાંસળી વાગે અને પશુ-પંખી નાચવા લાગે. બકરાં, ઘેટાં, વાછરડાં, હરણાં તો નાચે જ, અરે નોળિયા પણ નાચે.

માછીમાર રોજ માછલાં પકડવા જાય. એને થયું કે મારે સંગીત દ્વારા માછલાં પકડવાં જોઈએ.

નદીકિનારે બેસીને તેણે વાંસળી વગાડવા માંડી. સરસમાં સરસ અને રાગરાગણીથી ભરપૂર વાંસળી વગાડી.

પાણીમાંનાં માછલાં પર કોઈ અસર થઈ નહિ. કોઈ માછલાં તેની વાંસળી સાંભળી પાણીની બહાર આવ્યાં નહિ. છેવટે તે કંટાળ્યો, 'લાવ જાળ જ નાખવા દે.' તેણે કહ્યું : 'આ માછલાં કંઈ સંગીતમાં સમજતાં જ નથી.'

તેણે જાળ નાખી. માછલીઓ જાળમાં આવી, જેવી બહાર કાઢી કે માછલીઓ ઊછળવા કૂદવા નાચવા લાગી.

માછીમાર કહે : 'ખરી છે તમારી માછલાંની જાત, જ્યારે વાંસળી વગાડું છું ત્યારે નાચવાનું સૂઝતું નથી અને વાંસળી બંધ કરું છું ત્યારે નૃત્ય કરવા લાગો છો. જાવ મારે તમારું કંઈ કામ નથી.'

એમ કહી તેણે પાણી બહાર ઊછળતી કૂદતી માછલીઓને પાછી પાણીમાં નાંખી દીધી.